અપીલ અરજી નં.૬૨ તા.૧૦–૬–૦૯/૧૦

અરજદારઃ– ટ્રસ્ટી શ્રી પરસોત્તમભાઈ શંકરભાઈ પટેલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ ટ્રસ્ટી શ્રી પરસોત્તમભાઈ શંકરભાઈ પટેલની તા.૧૬–૪–૦૯ ની અરજીથી વેસ્ટઝોનમાં આવેલ વોર્ડ નં.૧૭બી માં નિદ્દિષ્ટ પરિશિષ્ટમાં દર્શાવેલ ટેનામેન્ટ નંબર મુજબની ૨૧મિલ્કત બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા, શ્રી પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ સરદાર પુલ પાસે અડાજણ, સુરતના નામ કરપાત્ર વ્યકિત તરીકે દફતરે દાખલ મિલ્કતોની આકારણી કેવી રીતે અને કયા કાયદા અનુસાર દાખલ કરેલી તેના સંપૂર્ણ તુમાર/ફાઈલ વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી બાબત.

**સંદર્ભ :**–અરજદાર મજકુરની તા.૧૦–૬–'૦૯ ની અપીલ અરજી નં.૬૨/૨૦૦૯–૧૦

ટ્રસ્ટી શ્રી પરસોત્તમભાઈ શંકરભાઈ પટેલની તા.૧૬–૪–૦૯ ની અરજીથી વેસ્ટઝોનમાં આવેલ વોર્ડ નં. ૧૭બી માં નિદ્દિષ્ટ પરિશિષ્ટમાં દર્શાવેલ ટેનામેન્ટ નંબર મુજબની ૨૧ મિલ્કત બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા, શ્રી પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ સરદાર પુલ પાસે અડાજણ, સુરતના નામ કરપાત્ર વ્યકિત તરીકે દફતરે દાખલ મિલ્કતોની આકારણી કેવી રીતે અને કયા કાયદા અનુસાર દાખલ કરેલી તેના સંપૂર્ણ તુમાર/ફાઈલ વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી બાબતે માહિતી ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૭ તા.૧૭–૬–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૪૬ તા.૨૩–૬–૦૯ ના રોજ પૂરક વિગતો મળેલ છે. જેમાં આકારણી બાબતેનો પત્ર, સીટી સર્વેની તા.૨૪–૦૭–૦૯ ના પત્રની નકલ ટાઉન પ્લાનીંગની કબ્જા રસીદ,ઝોન સર્ટીફીકેટ, વસવાટના સર્ટીફીકેટ, રજાચિઠ્ઠી ગામ અડાજણ ઈન્ડેક્ષની નકલ, ઠરાવ નં.૨૨૦૧/૯૬ ની નકલ, ટ્રસ્ટ તરફથી આકારણી બાબતે પાઠવેલ પત્ર, ટ્રસ્ટનું ઉદ્દેશપત્ર,ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ઈન્કમટેક્ષ એકઝેમ્પશન સર્ટીફીકેટ તા.૬–૩–૯૨ની નકલ જમીન બક્ષીસ દસ્તાવેજ, બાંધકામની રજાચિઠ્ઠી, બાંધકામ પૂર્ણ કર્યાનું સર્ટીફીકેટ, મિલ્કતોના આકારણી દફતરી ઉતારાની નકલ, આકારણીની ખાસ નોટીસો,ઠરાવ નં.૩/૨૦૦૩ તા.૧૩–૧–૦૩ ની નકલ, હરકત અરજી સાંભળવાનો પત્ર, નં.ટીપીડી/૧૪૮૮ તા.૪–૬–૦૯ નો નગર નિયોજકનો પત્ર, ટ્રસ્ટ ડીડ, ૩૧–૩–૦૫ ની પાકા સરવૈયાની નકલ, વિગેરે દસ્તાવેજોની માહિતીની નકલ અત્રે રજૂ કરેલ છે. જેના અનુસંધાને અરજદારને પણ જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલી માહિતી મળ્યા બાદ કોઈ રજૂઆત હોય તો તે અંગે નં.આરટીઆઈ સેલ/૩૨૪ તા.૩–૭–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારને અપીલ તબકકે રજૂઆત કરવા અંગેની તક આપવા છતાં અરજદાર તરફથી કોઈ પૂરક માહિતી કે રજૂઆત અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૬–૪–૦૯ ની આઈ ડી. નં.૨૯ થી માંગવામાં આવેલ માહિતી (૧)પરિશિષ્ટમાં સામેલ ટેના નંબર મુજબની જે મિલ્કત બોચારણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા, અડાજણ સુરત કરપાત્ર વ્યકિત તરીકે દફતરે દાખલ તમામ મિલ્કતો આકારણી કેવી રીતે અને કયા કાયદા અનુસાર દાખલ કરેલી છે તેની સંપૂર્ણ ફાઈલ અથવા તુમારની ફાઈલ, જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સંસ્થાની ઈન્ડેક્ષની નકલ,કબ્જારસીદ, બીયુસી તથા રજાચિઠ્ઠીના આધારે બીપી એમસી એકટની પ્રકરણ ૮ ની કલમ–૧ થી ૨૪ મુજબ આકારણી દાખલ કરવામાં આવેલ હોવાનું જણાવી તેના પુરાવાની નકલો સામેલ કરેલ. (૨)આકારણીની પ્રથમ ખાસ નોટીસની માંગણી સામે જાહેર માહિતી અધિકારી તરફથી ખાસ નોટીસની ઝેરોક્ષ નકલો આપવામાં આવેલ છે (૩) આકારણી સામે સંસ્થાએ જે કાંઈ વાંધા અરજી કરેલ છે તે તમામ વાંધા અરજીની હરકત અરજી સાંભળનાર અધિકારી ધ્વારા જો કોઈ નિકાલ થયેલ હોય તો તે તમામ અરજી અંગે હુકમ સુધીના પત્ર વ્યવહારની તેમજ તમામ હુકમની ઝેરોક્ષની માંગણી સામે જાહેર માહિતી અધિકારી તરફથી સંસ્થાએ આકારણી સામે વાંધા અરજી કરેલ હરકત અરજી સાંભળનાર ધ્વારા કરવામાં આવેલ અરજી અંગેની ઝેરોક્ષ નકલ આપવામાં આવેલ છે. (૪) તા.૧–૪–૦૮ ના ક્ષેત્રફળ ના આધારે આકારણી પધ્ધતિ મુજબ દાખલ કરેલ મિલ્કતના તુમારની ફાઈલની ઝેરોક્ષની માંગણી કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી તફરથી તા.૧–૪–૦૮ થી ક્ષેત્રફળ આધારીત આકારણી પધ્ધતિ મુજબ દાખલ કરેલ મિલ્કતોના કોઈ તુમાર બનાવવામાં આવેલ નથી પરંતુ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબ કોમ્પ્યુટર એરીયા બેઈઝ પ્રોગ્રામથી આકારણી અમલમાં થયેલ છે તેવું જણાવી તેની નકલ આપવામાં આવેલ છે. (૫) સંસ્થામાં ઉપરોકત તુમાર સિવાય આ મિલ્કત દાખલ થઈ ત્યારથી અત્રેની સંસ્થાના નામે આજ દિન સુધી જે કોઈ તુમાર અથવા ફાઈલ થયા હોય તેની ઝેરોક્ષ નકલની માંગણી સામે જાહેર માહિતી અધિકારી તરફથી સંસ્થા આકારણીમાં પ્રથમ વખતે દફતરે મિલ્કત દાખલ થઈ ત્યાર બાદ તા.૧–૪–૦૮ થી એરીયા બેઈઝ આધારણી પધ્ધતિ મુજબ દાખલ કરવામાં આવેલ છે તેની ખાસ નોટસોની નકલો આપવામાં આવેલ છે. (૬) સામાન્ય વેરાને શિક્ષણ ઉપકરમાંથી સંસ્થાને માફી

આપવા બાબત કરેલ અરજીના અનુસંધાને આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા જે કોઈ પત્ર વ્યવહાર અથવા મંજુરી લેવા બાબત જે કોઈ રીપોર્ટ સક્ષમ સત્તાને કર્યો હોય તે તમામ ફાઈલની ઝેરોક્ષ જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સંસ્થાની જમીનની માલિકી સુરત મહાગરપાલિકાની હોવાની લીધે સ્થા. સ. ઠરાવ નં.૩/૨૦૦૩ તા.૧૬–૧–૦૩ ની શરત નં.૫ મુજબ સંસ્થાને સામાન્ય વેરા અને શિક્ષણ ઉપકર પર મુકિત મળી શકે તેમ ન હોય મુકિત અંગેની કોઈ અરજીની કાર્યવાહી થઈ શકે તેમ નથી તેમજ જે જગ્યાઓ મુકિત આપવા પાત્ર છે જેવીકે, મંદિર, તેને આનુષાંગિક મંદિરની જગ્યાઓ વિગેરેને સામાન્ય વેરામાંથી મુકિત આપવામાં આવેલ છે તે સિવાય જે જે જગ્યાઓ મુકિતને પાત્ર નથી તેને સામાન્ય વેરામાંથી મુકિત આપવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ નથી. જે અંગે અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ/ ૧૪૬ તા.૨૩–૬–૦૯ થી અરજદારને માહિતી પૂરી પાડયાની નકલો સહિત પૂરી પડાયેલ જણાય છે. પૂરી પડાયેલ માહિતીની મુદ્દા નં.૧ પરિશિષ્ટમાં સામેલ પૈકીના ટેનામેન્ટ નં.૧૭બી–૫૧–૪૪૬૧–૦–૦૦૧, ૧૭બી–૫૧–૪૪૭૧–૦–૦૦૧, ૧૭બી –૫૧–૪૪૮૧–૦–૦૦૧ ૧૭બી–૫૧–૪૪૯૧–૦–૦૦૧ ૧૭બી–૫૧–૪૫૦૧–૦–૦૦૧ ૧૭બી–૫૧ –૪૫૩૧–૦–૦૦૧ ૧૭બી–૫૧–૪૫૪૧–૦–૦૦૧ ૧૭બી–૫૧–૪૫૬૧–૦–૦૦૧ ૧૭બી–૫૧–૪૫૨૧ –૦–૦૦૧અને ૦૦૨ ટેનામેન્ટવાળી મિલ્કતોની ખાસ નોટીસ પૂરી પડાયેલ જણાતી નથી તેમજ તેની માલિકી અંગે પણ કોઈ માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. કે નહીં પૂરી પાડવા બાબતે કલમ–૮,૯ કે ૧૧ હેઠળના અપવાદ હેઠળ ઈન્કારનું કોઈ કારણ જણાવેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી મોકલ્યા બાદ મળેલ માહિતી અંગે કોઈ નારાજગી હોય તો તે અંગે સ્પષ્ટતાસહ રજૂઆત કરવા છતાં અરજદાર તરફથી આજ પર્યંત કોઈ રજૂઆત કરવામાં આવેલ જણાતી નથી. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અરજદાર ધ્વારા તેમની મૂળ માહિતી પરિશિષ્ટના મુદ્દા નં.૨૨ માં " ઉપર દર્શાવેલ મિલ્કત સિવાય અમારી બીજી કોઈ પણ મિલ્કત હોય તો તેની વિગત" એવું જણાવેલ છે. આમ અરજદાર આ મુદ્દા પરત્વે ચોકકસ માહિતી માંગવામાં સ્વયં સ્પષ્ટ નથી તેથી તેટલે અંશે સંદિગ્ધ માહિતી માંગ્યાનું માનવાને કારણ છે.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૪–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉકત નિર્દિષ્ટ ટેનામેન્ટ નંબરોવાળી મિલ્કતની નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,(રાંદેરઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) ટ્રસ્ટી શ્રી પરસોત્તમભાઈ શંકરભાઈ પટેલ,